**ફોજદારી અપીલ નંબર : ૬/૨૦૨૫.**

**-:: એપેલન્ટની આંક : ૪ ની અરજી હેઠળ હુકમ ::-**

(૧) હાલના એપેલન્ટને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનાના કામના ખાનગી ફોજદારી કેસ નંબર : ૧૯૬૭/૨૦૨૩ ના કામના કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલી જતાં તારીખ : ૦૯/૧૨/૨૦૨૪ ના રોજ બારડોલીના વિ. જયુ.મેજિ.ફ.ક.શ્રીએ વિગતવારનો હુકમ ફરમાવી એપેલન્ટને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ-૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુના સંબંધે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૨) અન્વયે દોષિત ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા ફરમાવતો હુકમ કરેલ છે અને ફરિયાદીને ચેકની રકમ વળતર તરીકે ચૂકવી આપવાનો હુકમ કરેલ છે.

(૨) આ કામના એપેલન્ટને બે વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને વળતર ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે. એપેલન્ટને વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા અપીલ સમય માટે જામીન ઉપર મુકત કરવામાં આવેલા છે. હાલના એપેલન્ટ સુરત જિલ્લાના કાયમી રહેવાસી છે, જે હકીકત ધ્યાને લેતાં તેઓની હાજરી સરળતાથી ઉપલબ્ધ બની રહેશે તેમ જણાય છે અને એપેલન્ટની અપીલને ચાલતાં સમય જાય તેમ છે. આ સંજોગોમાં અપીલ ચાલતાં સુધીના સમય દરમ્યાન જો આરોપીને ચોકકસ શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે તો તે ન્યાયોચિત ગણાશે. આમ, ક્રિમિ. પ્રોસી. કોડની જોગવાઈ મુજબ દોષિત ઠરેલ એપેલન્ટને અપીલનો નિર્ણય થતાં સુધી નીચેની અદાલતે ફરમાવેલ સજા સંબંધેનો આદેશ મોકૂફ રાખવાનું અને અપીલના આખરી નિર્ણય સુધી એપેલન્ટને જામીન મુકત કરવાનું યોગ્ય જણાય છે, તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

બારડોલીના વિ. જયુ.મેજિ.ફ.ક.શ્રીએ ખાનગી ફોજદારી કેસ નંબર : ૧૯૬૭/૨૦૨૩ ના કામે તારીખ : ૦૯/૧૨/૨૦૨૪ ના રોજ એપેલન્ટને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ-૧૩૮ મુજબના ગુના અંગે દોષિત ઠરાવી કેદની સજા તથા ફરિયાદીને વળતર ચૂકવી આપવાનો જે હુકમ કરેલ છે તે હુકમ

આ અપીલનો આખરી નિકાલ થતાં સુધી સ્થગિત કરવામાં આવે છે અને આરોપી/એપેલન્ટ રૂા.૨૫,૦૦૦/- અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કર્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે

**-:: શ ર તો ::-**

(૧) એપેલન્ટે સદર કાયદામાં સુધારેલ કલમ-૧૪૮ મુજબ વળતરની રકમની ૨૦% રકમ નાઝરશ્રી, સિવિલ કોર્ટ, બારડોલીનાઓ સમક્ષ આ હુકમની તારીખથી દિન-૩૦ માં ડિપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે.

(૨) એપેલન્ટ/આરોપીએ પોતાનું રહેઠાણનું સરનામું પુરાવા સાથે અત્રેની અદાલતમાં રજૂ કરવાનું રહેશે અને જો તે સરનામામાં ફેરફાર થાય તો તેની લેખિતમાં જાણ અત્રેની અદાલતને કરવાની રહેશે.

(૩) આરોપી/એપેલન્ટે અપીલની કાર્યવાહીની દરેક ઠરાવ તારીખે નિયમિત સમયસર હાજર રહેવું.

આ હુકમની યાદી સંબંધિત નીચેની અદાલતમાં કરવી.

હુકમ આજ **તારીખ :** ૯ મી, **માહે :** જાન્યુઆરી, **સને :** ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ : ૦૯/૦૧/૨૦૨૫.**
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE- GJ01594